# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૧૫ મહારાષ્ટ્રના ગુફા મંદિરો

વ્યાખ્યાતા- શ્રી શિલ્પાબેન છેડા
તારીખ – ૨૫/૦૩/૨૦૨૩

અહીં મહારાષ્ટ્રનો મેપ દર્શાવવામાં આવ્યો છે અને એમાં અલગ અલગ જિલ્લાઓ બતાવવામાં આવ્યા છે. આ મેપ સ્વતંત્રતા સમયનું  છે 50 પછી જ બધા સ્ટેટ બન્યા એની આપણે બાઉન્ડ્રી જોઈએ તો એમાં થોડુંક ગુજરાતનો ભાગ થોડોક માં કર્ણાટકનો ભાગ મરાઠા દેશ એમ કરીને હતું. અત્યારે પ્રેઝન્ટ આપણે જોવા જઈએ તો એ ભારત સ્વતંત્ર થયું ત્યારનું છે. આમ પ્રાચીન ભારતનો નકશો આજના કરતા થોડો અલગ હતો.આપણે આર્કિટેક્ચર તરફ જોવા જઈએ તો આ જૈનોનું આર્કિટેક્ચર જ્યારે આપણે જોઈએ છીએ તો સૌથી પહેલા હતા આયાગપટ સ્તૂપ ગુફાઓ ગુફા મંદિરો અને મંદિરોની કલ્પના એ પછીથી થઈ.

સૌથી પહેલી જે ગુફા છે એ ઉદય ગીરી ખંડગીરીની છે જે ઓડિશામાં છે. આનો સમય 200 વર્ષ ઈસા પૂર્વનો છે. સો વર્ષ જૂની આ ગુફા છે 2200 વર્ષ જૂની આ ગુફા છે ખારવેલનો શિલાલેખ. એ જૈનો નો સૌથી જૂનામાં જૂનું શિલાલેખ છે. અહીં નવકાર મંત્રનો પહેલો પદ આવે છે. હેસ્ટોરીકલ રીતે આપણે જઈએ તો આ આપણું જૈનોનું પ્રથમ શિલાલેખ છે. પછી રાણીની મોટી ગુફા સીતાનલવાસલની ગુફાઓ, બદામીની ગુફાઓ-બેલગામ આ ગુફાઓ એક સમયે કર્નાટક નો ભાગ હતી. આ ખૂબ જ મોટી ગુફાઓ છે. આમાં  જેટલી પણ પીલર્સ છે એ બધામાં નાની નાની મૂર્તિઓ છે. અંદર એક નાનું ગર્ભ ગૃહ છે એમાં પણ મૂર્તિઓ છે. બહારના ભાગમાં વધારે ને વધારે પાર્શ્વનાથ અને બાહુબલી ની મૂર્તિઓ છે અને એ સમય દરમિયાન આ બધી જ મૂર્તિઓ કાયોત્સર્ગમાં છે એનું કારણ  હતું કે આ અરિહંત અવસ્થા બતાવવામાં

આવતી હતી અને બાહુબલીને મહાન યોગીની જેમ ગણતા હતા. બધી જ એમની મૂર્તિ બધી જ ગુફાઓમાં જોવા મળશે. ખાસ કરીને બદામી માં બહુ જ મોટી મૂર્તિ લગભગ 18 ફિટ મોટી અદભુત મૂર્તિ છે અને એનું જે આર્ટ વર્ક છે એ એટલું સરસ અને એન્ટ્રીગેટ કરેલું છે કે એક એક વાળ પાંદડાના અંદરની નસો બધી જ આપણને દેખાય છે. આ ગુફાઓ ચાલુક્ય રાજાઓએ કરી હતી આ રાજાઓ હિન્દુ બૌદ્ધ અને જૈન ધર્મ તરફ બહુ જ સહિષ્ણુતા વાળા હતા. પોતે જૈન નહોતા પણ એમને ઘણો બધો જૈનો ને અનુદાન આપ્યો હતું અને એટલે જૈન ગુફાઓ બની હતી. એક જ કોમ્પ્લેક્સમાં જૈન ગુફાઓ હિન્દુ ગુફાઓ હતી. આ આપણે જે કહીએ પહેલાના કાળમાં જે રાજાઓ હતા જે પોતાનો ધર્મ પાળતા હતા બીજા પણ ધર્મને એટલું જ સન્માન આપતા હતા. એનું આ એક યુનિક ઉદાહરણ છે એકદમ બાજુમાં જ હિન્દુ ગુફા છે અને છેલ્લી પાંચ ગુફાઓ જૈન ગુફાઓ છે એમાં બે ની કન્ડિશન બહુ જ ખરાબ છે ત્યાં જવા આપતા નથી એ ક્યારેય પણ એવી સ્થિતિમાં છે એની બાજુમાં છે આઈહોલે અને એમાં આ ગુફાઓ છે જે ચાલુકય રાજાઓ એ  બનાવી હતી. આ ચાલુક્ય એ સોલંકી ચાલુક્ય નહીં કુમારપાળ વાળો વંશ નહીં, સિદ્ધરાજ જયસિંહજી રાજા હતા કુમારપાળ જે રાજા હતા એના વંશ નહીં. આને કહેવાય ચાલુક્ય ઓફ બદામી એટલે આ વંશ આખો અલગ હતો. એમણે જેટલું આર્ટ પર ધ્યાન આપ્યું અને એને જે ફેલાવ્યું એ બહુ ઓછા રાજાઓ એ  કર્યું છે પાછું આપણે અહીં જોઈ શકીએ છીએ કે બાહુબલી સાથે બ્રાહ્મી અને સુંદરી રાજકુમારીના વેશમાં છે

દરેકે દરેક ગુફાઓમાં કે દિગંબર ગુફા કે શ્વેતાંબર ગુફા એવું કંઈ નામ આપતા નહોતા. એને આપણે કહીએ છીએ જૈન ગુફા. આવી રીતે ત્યારે કંઈ નામના હતી નહીં કે આ શ્વેતાંબર ગુફા છે અને આ દિગંબર ગુફા છે આ તીર્થક્ષેત્ર છે તીર્થક્ષેત્ર એક નામ હોય માત્ર જૈન. અત્યારે આપણે જે ઝઘડા કરીએ છીએ એવું કંઈ નહોતું ત્યારે આ બધું જ હવે ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા આરકોલોજી સર્વે ઓફ ઇન્ડિયા એએસઆઇ ની અંડર છે. અહીં કોઈપણ પ્રકારની પૂજા પાઠ છે કરવા દેતા નથી કારણ કે આ ગુફાઓ હવે એનું પથ્થર જે છે એ થોડું થોડું થવા લાગ્યું છે જર્જરીત થવા લાગ્યું છે.

બીજી ગુફાઓ છે એક ગ્વાલિયરની છે સૌથી બેસ્ટ છે એલોરાની આ ઇન્દ્રસભા. ઇલોરામાં છેલ્લી જે પાંચ ગુફાઓ છે એ જૈન છે એક થી 12 નંબર બૌદ્ધ છે પછી હિન્દુ ગુફાઓ છે અને પછી જૈન ગુફાઓ છે. આ ગુફા રાષ્ટ્રકૂટ રાજાઅમોઘ વર્ષ જૈન ધર્મના પાલક હતા અને જૈન ધર્મ વિશે ઘણી બધી માહિતી પણ આપી પોતાના કાળમાં અને ઘણા બધા મહારાજ સાહેબની પ્રેરણા આપી હતી પુરાણો લખવાની અને ગ્રંથો લખવાની અને એ બહુ જ ધર્મપ્રિય રાજા હતા અને કલાની દ્રષ્ટિએ સમજદાર હતા. આ કારણકે બધા જ રાજાઓ હોય કલા પ્રત્યે એક દ્રષ્ટિકોણ હોય અને કલાની વિકસાવવા માટે અને જેટલું ધન એ લોકો આપી શકે એટલું અમુક જ રાજા આપતા પણ આપણે જે અમોઘવર્ષ રાજા જે હતા એમણે સ્પેશિયલ જૈન ધર્મ પ્રત્યે સહિષ્ણુતા હતી અને એની માટે એલોરા એકદમ જેને કહી શકાય કે ઉત્કૃષ્ટ કોટીની ગુફા બે માળા વાળી અને એવી આ ગુફાઓ બનાવી છે કે અહીંથી  દાખલ થાવ તો પાંચ ગુફા અંદર ફરી આવો અને છેલ્લી પાંચમી માંથી નીકળો. એટલે અંદરથી વ્યવસ્થા એટલી સરસ કે ઉત્તર ચડ કોઈ ગુફામાં કરવી ના પડે. અંદરથી અંદર એમાં દરવાજા હતા અને વિશાળ એવી આ ગુફાઓ છે.

આની આગળ એક આ મોનોલીક પથ્થર થી બનેલું એક છોટા કૈલાશ મંદિર છે. એ ચતુર્મુખી છે સર્વતો ભદ્રક છે. ચારે બાજુથી એક જેવું છે સિમેન્ટ છે એમાં ચોમુખી મુર્તિ છે અને મોટું કૈલાશ જે હિન્દુ મંદિર છે એની જ પ્રતિકૃતિ છે એ ઇલોરાની ઈન્દ્ર સભામાં છે. આજે નામ છે ઇન્દ્રસભા એ આપણને લાગે કે જૈનોમાં આ કેવી રીતે પડ્યું તો એનું કારણ હતું કે અહીં એક માતંગ યક્ષ છે અથવા તો સર્વાનુંભૂતિ યક્ષ છે જે હાથી પર બેઠેલા છે જ્યારે બ્રિટિશ ઓફિસરોએ આની શોધ કરી તો એમને લાગ્યું કે ઈન્દ્ર એ હાથી ઉપર બેસે અને હાથી પર બેસેલા યક્ષ ઇન્દ્ર હોવા જોઈએ. એટલે આનું નામ પડ્યું ઇન્દ્રસભા. હવે ત્યારે કોઈ પણ ગુફામાં નામ લખ્યું નહોતું ફક્ત એટલું જ કે આ ગુફા જૈનોની છે એમાં જૈનમૂર્તિઓ છે બૌદ્ધ મૂર્તિ હોય તો બૌદ્ધ ગુફા અને હિન્દુ હોય તો હિન્દુ ગુફા. પણ આના નામકરણ જે છે એ બ્રિટિશ લોકોએ કર્યા અને આની બાજુની ગુફાને કહેવાય છે જગન્નાથ ગુફા. આમાં પણ બાહુબલી ની મૂર્તિ છે બાહુબલી આર્ટિસ્ટોને સેકદમ પસંદ આવતો એવો વિષય હતો. કદાચ ત્યાંના ત્યારના જે બધા આચાર્યો

હશે એમણે પ્રેરણા આપી કે બાહુબલી ની મૂર્તિ હંમેશા હોય અને જ્યારે આમાં તમે જોશો ગ્રામીણ અને સુંદરી બંને બાજુમાં હોય બ્રાહ્મી અને સુંદરી બંને બાજુમાં હોય પણ એ લોકો સાધ્વી ના રૂપમાં નથી તેઓ રાજકન્યા ના રૂપમાં હોય છે. કથા પ્રમાણે આ બંને બ્રાહ્મી અને સુંદરી સાધ્વી હતા. બાહુબલી ને પ્રતિ બોધ કરવા તેઓ આવ્યા હતા પણ આર્ટમાં એમને રાજાની પુત્રીઓ તરીકે દર્શાવવામાં આવે છે.

તમિલનાડુમાં શીરુંકદંબોઇ જોઈશું તો લાઈનમાં 24 તીર્થંકરો દેખાયા છે. આ બધા જ એક સમયમાં એકચ્યુઅલ મહારાષ્ટ્ર નહીં પણ મહારાષ્ટ્રની આસપાસની એરિયાઓ છે. એ પછી મંગીતુંગી આ નાસિકની બાજુમાં છે અને બે પહાડ છે અને એની અંદર નાની નાની મોટી મોટી એવી મૂર્તિઓ છે આ દિગંબર તીર્થક્ષેત્ર છે સિદ્ધ ક્ષેત્ર છે. હમણાં પણ અહીં એક પૂજનીય દેરાસર કર્યું છે. દિગંબર મત અનુસાર આ ત્રણ હજાર આના  દાદરા છે પાલીતાણા ની જેમ મહત્વ રાખે છે. બીજી વિશેષ ગુફાઓમાં મેઈન ગુફાની વાત કરીએ તો તેની પેઇન્ટિંગ જોઈએ તો અંકાઈ ટંકાઈ ની ગુફા એ ખુબ જ સરસ છે પૂજનીય છે. આ મનમાડ ની બાજુમાં સ્ટેશન પાસે છે સ્ટેશનથી પણ આ દેખાય છે. આ બહુ જરજિત જર્જરિત ગુફા છે આ બધી જ ગુફાઓ અતિ પ્રાચીન છે. આ અહીંના પેઇન્ટિંગ્સ પણ બહુ જ ફેડ થઈ ગયા છે ઇન્દ્રસભાના અને જગન્નાથ સભાના સીલીંગ પર આ બધા પેઇન્ટિંગ્સ છે હમણાં જ પિક્ચર્સ છે બે મહિનાના પહેલાના અને હમણાં ના પિક્ચર માં થોડોક ફરક આવે છે. આ અવસ્થા આપણે જોઈએ છીએ કે લોકો બહુ જતા ના હોય એટલે વધારે ને વધારે ખરાબ થતી જાય અને બીજું આપણામાં છે કે ખંડિત મૂર્તિઓની આપણે જલ્દી પૂજા કરતી નથી કરતા નથી.

ઇલોરાની ગુફામાં બધી પેઇન્ટિંગ્સમાં કથાઓ આપેલી છે. એની સિક્વન્સ આપણને દેખાતી નથી કલર્સ અને આંખો બરાબર દેખાય છે જે અજંતા અને ઇલોરાની ખૂબી છે. આખોબરાબર ક્લિયર દેખાય ફ્લાવર્સ અને સીલીંગ ની બોર્ડર પણ એકચ્યુલી અહીં શું થઈ રહ્યું છે એ એકદમ ક્લિયર દેખાતું નથી એટલે અજંતા ની પેઇન્ટિંગ્સને એટલું બધું મહત્વ આપવામાં આવ્યું કે એલોરાની જે પેઇન્ટિંગ્સ છે એને બહુ મહત્વ અપાયું નથી. આ ગર્ભ ગૃહની અંદર

એક પેઇન્ટિંગ છે આ તીર્થંકર ની પેઇન્ટિંગ છે એક બાહુબલીની પણ પેન્ટિંગ છે એમાં આપણે જોઈએ તો સાઈડમાં આપણને દ્વારપાલિકા યક્ષી એવા પિક્ચરો દેખાય છે. આ અંદર છે એટલે સુરક્ષિત છે પણ ઉપરનો ભાગ વધારે દેખાય છે અને નીચેના ભાગમાં જર્જરીત થઈ ગઈ છે. નૃત્ય કરતા યક્ષો દેખાય છે જીઓ મેટ્રિક પેટર્ન અહીં બધે દેખાય છે અહીં 14 રાજલોક દોર્યું છે લોચની વિધિ દેખાય છે. આ બધી પેઇન્ટિંગ્સ એની કારીગરી એના કલર્સ બહુ જ સરસ છે પણ એની સુરક્ષા નથી. પાણી અંદર આવી ગયું છે એટલે બધું જ ખરાબ થઈ ગયું છે. મહાવીર સ્વામી અને ચંદનબાળાનું ચિત્ર છે પણ આ એટલું ક્લિયર નથી. એકદમ ધ્યાનથી જુઓ તો તો દેખાય છે ચંદનબાળા મહાવીર સ્વામી વહોરવા આવે છે અંબિકા છે. યક્ષિ અંબિકા છે આંબાના ઝાડ ઇન્ટરન્સ માં એકદમ ક્લિયર છે. બધી જ મૂર્તિઓ જે છે એનો કલર લાલ દેખાય છે. બાજુમાં ખડગાસન માં આદિનાથની મૂર્તિ છે. આ છોટા કૈલાશ છે ચારે બાજુથી ચતુર્મુખ છે. બહારની સાઈડમાં પણ મૂર્તિઓ દેખાય છે આમાંથી જ આપણે બીજી ગુફામાં એન્ટર થઈ શકીએ છીએ

સર્વાનુંભુતી યક્ષ આને ઇન્દ્ર પણ કહે છે પણ આ ઇન્દ્ર મહારાજા નથી. હાથી ઉપર આ યક્ષ છે. એના પરથી આ ગુફા નું નામ ઇન્દ્રસભા રાખવામાં આવ્યું છે એ સમયે ખાલી બે જ યક્ષ હતા એક અંબિકા યક્ષી અને સર્વાનુંભૂતિ  યક્ષ હતા જે બહુ ફેમસ હતા ગોમેદ યક્ષ. આ એ જ જૈન ધર્મમાં હતા. આ દોલતાબાદનું જૈન મંદિર છે જે હવે એકદમ જ ખરાબ થઈ ગયું છે અને પછી એને કન્વર્ટ કરવામાં આવ્યું. દોલતાબાદમાંથી તમે જુઓ છો આ 52 જિનાલય જેવું આ મંદિર હતું હમણાં તો અહીં કંઈ નથી. એને જે યાદવ કુળના રાજા હતા દેવગીરી આનું નામ દેવગીરી હતું અહીં પ્રાચીન ઘણા બધા આ કિલો છે એના પર ઘણા બધા મંદિરો હતા હવે તો અવશેષો છે. અહીં થાંભલા  છે માત્ર સામે અને વચ્ચે ખુલ્લુ મેદાન છે આ છે. ચંભાર લેની ગુફા આ નાસિકની આજુબાજુ ધારાસિવાની આજુબાજુ ની ગુફાઓ છે ત્યાં મૂર્તિઓ જોઈ શકાય છે તીન તીરથી મૂર્તિ જોઈ શકાય છે એટલે એક જ પથ્થરમાં ત્રણ મૂર્તિઓ. બધા જ ગુફા મંદિરમાં જોઈએ તો ઉભી ખડગાસનમાં મૂર્તિઓ છે. બેઠેલી મૂર્તિઓ પણ છે પણ લગભગ સુધી

ખડગાસનમાં મૂર્તિઓ જોવા મળે છે આજે અંકાઈ ટંકાય ની ગુફાઓ  બહુ ખરાબ હાલતમાં છે અને આ કંઈ રીપેર થાય નહિ. નાસિક ની બાજુમાં અંજનેરી કરીને ગુફાઓ છે. ત્યાં તમને દેખાય છે એમાં સુપાર્શ્વનાથ અને પાર્શ્વનાથની મૂર્તિઓ દેખાય છે એ બધી બહુ જ ઝાંખી થઈ ગઈ છે દેખાતી નથી. પાર્શ્વનાથ ની ફણા બહુ ઝાંખી મૂર્તિ છે એમાં પાંચ જ સર્પ દેખાય છે. ધારાસિવા કેવસ જે નાશકની બાજુમાં છે. અહી કોઈ મૂર્તિ નથી. ધારાશિવા આ ક્ષેત્રમાં કોઈ જતું નથી. પહેલા આ બુદ્ધ ગુફાઓ હતી પછીથી એને જૈન કન્વર્ટ કરી છે. ઝાડ બધું ઊગવા ના કારણે ગુફાઓ ડેમેજ થાય છે અને અહીં લોકો આવતા જતા નથી એટલે વધારે ડેમેજ થાય છે લાતુરમાં પણ ગુફાઓ છે. આખું લીજેંડ ગુફઓથી ભરેલું છે. સહયાદ્રી નામની પર્વતમાળા અહીં છે. આ ગુફાઓની હાલત બહુ જ ખરાબ છે. માંગીતુંગી ટ્વીન માઉન્ટન કહેવાય છે. બધા જ તીર્થંકરોની હાઈટ ઓછી છે અંદર રીનોવેશન કરી નાખ્યું છે એનો અમુક ભાગ એ એસ આઈ એ લઈ લીધો છે ત્યારે દિગંબર ટ્રસ્ટનું છે અને એમણે જે રીનોવેશન કરેલું છે આ બધું ખોટું છે કારણ કે આ રીતે કોઈ રિનોવેશન ગુફા નું થતું નથી. તીર્થંકરોની મૂર્તિ એક જેવી જ છે. તમે જોશો અંકાઈ ટંકાયની ગુફાની હાલત બહુ જ ખરાબ છે. અહીં પાશ્વનાથ ભગવાનની પ્રતિમા છે જે કમઠે એમના પર અટેક કર્યું હતું એ દર્શાવે છે. ગભારામાં જે મૂર્તિ છે એલોરામાં જે મૂર્તિ છે એ પૂજનીય છે જે ઉપર મંદિરમાં છે અને ત્યાં પૂજા થાય છે.

આ બધા જ જે મંદિરો આપણે જોયા બધા જ પ્રાચીન છે. નવા મંદિરમાં આપણે જોઈએ તો કુંભોજગીરી એ એક બારમી શતાબ્દીની આસપાસ નું મંદિર હતું કોલાપુરની બાજુમાં કુંભોજગીરી તીર્થ છે હમણાં ત્યાં ઘણા નવા બે મંદિર શ્વેતાંબર નવું બની રહ્યું છે એને બોટની શેપમાં બનાવ્યું છે. એનું અતિ સુંદર વિયુ નીચે આપણને મળે છે મ્યુઝિયમ વગેરે પણ પ્રાચીન મંદિર છે એ એક ડુંગર ઉપર છે જેને કહેવાય કુંભોજગીરી અને ત્યાં બાહુબલી ની મૂર્તિ છે ખુલ્લામાં છે પછી છે અંતરિક્ષ પાર્શ્વનાથ પાર્શ્વનાથ 108 માં જે આવે છે અંતરરિક્ષ પાર્શ્વનાથ નથી પછી છે ભાંડતજી એ અંતરીક્ષ પાર્શ્વનાથ ની બાજુમાં તીર્થક્ષેત્ર છે. આ બધા અતિ પ્રાચીન તીર્થ છે. મહારાષ્ટ્રમાં લગભગ હજાર ગુફાઓ છે. ભારતમાં ટોટલ 1200 ગુફાઓ છે મેક્સિમમ

બુદ્ધિષ્ટ છે એમાં હજી હજાર ગુફાઓ ખાલી મહારાષ્ટ્રમાં છે. બીજી 200 ગુફાઓ આખા ભારતમાં ફેલાયેલી છે અને સાઉથ ઇન્ડિયા પહેલા આવે  ગયા થોડી અને થોડી રાજસ્થાનમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર આગળ એક મોટું તીર્થ છે બળવાની એમપીમાં બહુ જ મોટું 57 ગજની આદિનાથની મૂર્તિ છે ફેમસ છે.મૂર્તિનું નામ પણ બાવન ગજા છે એ એકદમ બિહળ એરિયામાં છે ઝાડીઓમાં છે જ્યાં ડાકુ પહેલા રહેતા હતા. આ બિહડ વિસ્તારમાં આખું દિગંબર સિદ્ધ ક્ષેત્ર છે. ત્યાં આપણને થોડીક ગુફાઓ મળે બાકી લગભગ ગુફાઓ મહારાષ્ટ્રમાં મળે છે અને બૌદ્ધ જે હતા એ પાયોનીયર હતા ગુફા બનાવવામાં તો એમણે ઘણું બધું વિકાસ કર્યો ગુફા બનાવવામાં. પણ જૈન ગુફાઓનું આર્કિટેક્ચર એક જેવું હોય એક હોલ હવે હોય એમાં ચારે તરફ મૂર્તિઓ ખાલી દરવાજો છોડીને અંદર એક નાનું ગર્ભ ગૃહ હોય એક મૂર્તિ હોય અને બાકી બધી મૂર્તિઓ બહાર હોય જે પ્રકારે આપણું દેરાસર હોય.  આપણે ચૈત્ય ગૃહો કહી શકીએ જૈનોના જેટલા બી હતા હતા એ બધા ચૈત્ય ગૃહો હતા. એ બધા સાધુઓને રહેવા માટે હતા તેઓ જ્યારે વિહારમાં હોય એવી જે ગુફાઓ હતી. એમાં ખાલી નાની નાની રૂમ હોય બીજું કંઈ જ ના હોય એવી પણ ઘણી ગુફાઓ મહારાષ્ટ્રની આસપાસ છે. હમણાં આપણે જોઈએ છે કે બધી જ ગુફાઓ જે છે જૈન બૌદ્ધ એ બધી બાજુ બાજુમાં છે.

એક નંદગીરી કરીને જગ્યા છે જે ગુફાઓની એમાં દસેક ગુફાઓ છે. અંદર જવા માટે પાણીમાંથી નીકળવું પડે છે અને પાણીમાં જીવજંતુઓ બહુ હોય ઓક્સિજન લઈને ઘણા જતા હોય છે, જવું થોડું ડેન્જરસ છે બાકી એ ગુફાઓમાં પાર્શ્વનાથની મૂર્તિ અંદર દેખાય છે પણ વરસાદમાં એ ફૂલ ભરાઈ જાય છે. વરસાદ પછી લોકો અંદર ઘણા જંતુ હોઈ શકે એટલે થોડું સંભાળીને જવું પડે એટલે શું થાય છે કે પછી લોકો જાય નહીં એટલે ગુફાઓ સાફ થાય નહીં અને એટલી બધી છે તો એનું મહત્વ રહેતું નથી. જનરલી આપણી જે ટ્રેન્ડ છે એ શું છે જ્યાં જ્યાં ક્ષેત્ર હોય ત્યાં ત્યાં જ આપણે જોઈએ જ્યાં જ્યાં તૂટેલા ફૂટેલા મંદિર હોય કે જર્જરીત અવસ્થામાં હોય. એક તીર્થક્ષેત્ર અમુક એક સમયમાં હતું બટોનેપઠારી એ મધ્યપ્રદેશમાં ભોપાલની બાજુમાં છે. અદભુત મંદિરો છે લગભગ 26  મંદિરો છે આટલા કારીગરી વાળા મંદિરો છે પણ એ જર્જરીત અવસ્થામાં છે એની આસપાસ કોઈ નથી અને ચારે તરફ પહાડી

ઇલાકો છે સહ્યાદ્રી વિંધ્યગીરી ક્રોસઆ રીતે આ માઉન્ટન રેન્જ છે એટલે લોકો જતા નથી. આપણે જઈએ તો સારવાર  થાય નહીં. બીજું આપણામાં એવી વાત છે કે શ્વેતાંબર  મંદિર હોય તો શ્વેતાંબરોજ એમાં જાય દિગંબર હોય તો દિગંબર  એ જ જાય. આપણે જૈન થઈને જતા નથી આપણે આપણા ગચ્છ પ્રમાણે સમુહ પ્રમાણે જઈએ છીએ. આજે વાત છે એ સાવ ખોટી છે એ રીતે નહીં કરવાનું પણ મંદિરો હોય આપણે જઈશું નહીં તો મંદિરોની જાળવણી જે થાય છે એ થઈ જ નહીં શકે.

મંદિરોમાં માણસોનો શ્વાસ જોઈએ અને જ્યાં જ્યાં આપણે જઈશું એ ઓટોમેટિકલી સાફ રહેશે એટલા માટે આ જે મંદિરોમાં અદભુત ખજાનો હોવા છતાં ઇલોરામાં આટલી પેઇન્ટિંગ હજી પણ સાફ કરીને કરી શકાય પણ લોકો જાય નહીં એ તો થેન્ક્સ ટુ ટુરીઝમ કે લોકો અજંતા ઇલોરા જાય છે તો જૈન ગુફાઓમાં જાય છે નહીંતર આપણા જૈન જવા માટે રેડી નથી. એનું કારણ છે કે ત્યાં જઈને આપણને પૂજા પાઠ નહીં થઈ શકે પછી ખાલી કેમ ખાલી ખાલી કેમ જવાનું યાત્રાનો લાભ નહીં મળે એ બધું જ આપણા મગજમાં બેસી ગયું છે એવું નથી તીર્થનકરની મૂર્તિ હોય ત્યાં ભાવો હોય અને આ પ્રાચીન સમયના તીર્થો છે તો લાભ કેમ ન મળે એ આપણને સમજાતું નથી. આવી જે અવધારણા છે એનાથી શું થાય છે કે જૈનોની બહુ હાની થાય છે. આપણે સારવાર નહીં રાખશું અને પછી કહીશું ગવર્મેન્ટ કરે તો ગવર્મેન્ટ પાસે ઘણો ખજાનો છે એટલે આપણે આ બધું ગવર્મેન્ટ પર ના કરી શકીએ જૈન નો એટલા બધા શ્રેષ્ઠ છે કે એમને માંગવાની જરૂર પડતી નથી પણ આપણી જે દ્રષ્ટિ છે તીર્થક્ષેત્ર પ્રત્યેની આપણા જે નાના નાના મતભેદો છે એના માટે નુકસાન આપણું જ છે. આપણા જ પૂર્વજો આપણી માટે આ બધું કરી ગયા છે. હવે આપણે શું કરીએ છીએ આપણે એની જાળવણી પણ નથી કરી શકતા. એટલે હું જે ડ્રૅસ લઈને જાઉં છું એ આજ પર્પસ થી લઈને જવું છું કે લોકો જતા થશે તમે આવશો તમારા પરિવારને લઈ આવશો તમે ત્યાં જશો તો જોશો કે કેટલી અદભુત ચીજો છે પાસે આટલું પૈસો હશે ટેકનોલોજી છે સાયન્ટિફિક બધું જ આપણને મળી ગયું છે. પણ ચેલેન્જ કે આવા મંદિરો બનાવીને બતાવે નહીં બની શકશે. આવું એક પથ્થર પણ આપણે નહી શકીએ કોતરી નહીં શકીએ હવે બધું મશીનથી કમ્પ્યુટર થી ગ્રાફિક ડિઝાઇન

થી બને છે ત્યારના જે કારીગર હતા અને સ્થપતી હતા એના જેવું આપણે એક પણ પ્રતિમાજી બનાવી નથી શકવાના કારણ કે એ બધું ભાવ જોઈએ. હવે બધું મશીન કટ છે ભાવ પણ મશીન જેવા છે અને એ આપણને સમજ પડતી નથી. જ્યાં સુધી આપણે આને સમજી નહીં શકીએ અને ભાવ નહીં સમજી શકીએ આની મહત્વપૂર્ણ ત અને આ કઈ રીતે બનાવેલા છે આજે આટલા ભૂકંપ આવ્યા આ મંદિરો પડ્યા નથી. નવા મંદિરો બધા ખંડિત થઈ ગયા કેમ? તો એનું શું કારણ હશે? આજે આ અવશેષો જે છે એનાથી ખબર પડે છે કે ભારતની સમૃદ્ધિ શું હતી. જૈનોનું  ભારતનું કલા વિષયનું યોગદાન શું હતું નહિતર આપણને શું ખબર પડતી જૈન વસ્તી ક્યાં ક્યાં હતી? ક્યાં ક્યાં એ ફેલાઈ ગયા બિહારથી આપણું જે માઈગ્રેશન થયું સ્થળાંતર થયું એ આપણે જોઈએ છીએ તો ઠીક મહારાષ્ટ્ર સુધી સાઉથ સુધી ત્રીજી શતાબ્દીમાં આચાર્ય સ્થૂલી ભદ્ર ની અંદર જૈનો ઘણા બધા દક્ષિણ ભારતમાં વસી ગયા જૈનો. અને દક્ષિણ ભારત એ વસી ગયા ત્યારે એક સમયમાં જૈનોની વસ્તી સૌથી વધારે હતી.

બૌદ્ધ અને જૈન ત્યાં બધાથી વધારે હતા શ્રમણ પરંપરા બહુ જ હતી અને પછી લગભગ 700-800 વર્ષ ક્યાં રહ્યા આઠમી શતાબ્દી થી પાછું આપણું ઘણા બધા સ્થળાંતર થયા અને મહારાષ્ટ્ર તરફ જેટલા જૈન આવ્યા એ બધા આઠમી શતાબ્દીમાં પછી આવ્યા. અને જનરલી આપણે જોઈએ મુંબઈ છોડીને એના અમુક ભાગો છોડીને મહારાષ્ટ્રમાં જેટલા પણ દિગંબર જૈન વધારે છે. આકોલા કોલાપુર નાગપુર એ બધા જિલ્લામાં એ હેવીલીધી દિગંબર એરીયા આજે થઈ ગયો છે . આજે એ જ કારણ છે કે જે શ્વેતાંબર એરિયા આપણે ગણીએ ગુજરાત રાજસ્થાન એને આપણે શ્વેતામ્બર એરિયા બનાવી દીધું મધ્યપ્રદેશ ડીવાઈડેડ છે અડધું દિગંબર અડધું શ્વેતાંબર એટલે હવે આપણા જવાના ક્ષેત્રો પણ લિમિટેડ થઈ ગયા. આપણે એ નથી સમજતા કે જે જે પ્રાચીન ક્ષેત્ર છે એને આપણે સિદ્ધ ક્ષેત્ર શું કામ કહીએ છીએ એને અતિશય ક્ષેત્ર શું કામ કહીએ છીએ? આ બધા ક્ષેત્રમાં શું છે જે આપણને જવા માટે વારંવાર પ્રેરણા આપે છે? આ બધા જ ક્ષેત્રમાંથી અનેક અનેક જીવ સિદ્ધ થઈ ગયા છે અને એના માટે બધા તીર્થક્ષેત્ર છે અને એ જ કારણ છે કે જે આપણા પૂર્વજો આપણી માટે રાખી ગયા છે એની સાચવણી પણ આપણે કરીએ છે કે નહીં . બહુ મોટો પ્રશ્ન છે આપણે વધારે ને વધારે કલ્યાણક ક્ષેત્રમાં

જઈએ છીએ તો તીર્થક્ષેત્ર એ આપણા માટે વધારે છે આપણે ચંપા પુરી જઈએ શિખરજી જઈએ કે પાવાપુરી જઈએ ગિરનાર જઈએ એનું કારણ એ છે કે એક ક્ષેત્રમાં ઘણા તીર્થંકરો મોક્ષમાં ગયા છે એક સમયે એમનું ત્યાં વિતરણ હતું એટલે આપણી માટે એ એકદમ મહત્વપૂર્ણ જગ્યા છે. પણ આ બધા પણ સીધક્ષેત્ર છે આમાં ખાલી ફાળા રાજાઓનું ફાળો છે એવું નથી આ બધા જ શ્રાવકોએ બનાવેલા છે. જેમ જેમ ત્યાં જતા જાય આ બધા જ ક્ષેત્રો તેના હાઇવે લેન્ડ રૂટસ હતા એની ઉપર બનેલા છે. એટલે હમણાં આપણને એમ લાગે છે કે પહાડો કેમ સિલેક્ટ કરેલા છે પણ એ દરમિયાન પહાડોથી રસ્તા નીકળતા હતા અને આ બધાને આપણે હાઇવે રૂટ્સ હમણાં ના જે અંકાઈ ટંકાય માંગીતુંગી ઇલોરા આ બધા જ જે ગુફા મંદિરો છે એ બધા જ લેન્ડરૂટસ જે હતા હાઈવેથી કનેક્ટેડ હતા ત્યાં બન્યા છે. આજે આપણે જોઈએ તો વેસ્ટન એક્સપ્રેસ હાઈવે ઉપર એટલા તીર્થક્ષેત્ર બની ગયા છે કારણ કે જ્યારે મહારાજ સાહેબ વિહાર કરે અમુક આઠ કિલો મીટરના ડિસ્ટન્સ પર આપણને એક મંદિર મળી જાય છે. એ આ હવે આપણે કર્યું છે કારણ કે ત્યાં લેન્ડરૂટસ આવા છે. પણ તે સમયના લેન્ડરૂટસ એવા હતા જ્યારે આપણે એ તીર્થક્ષેત્ર ત્યાં બનેલા.

બીજી જગ્યા પણ બહુ માફક હતી આ ફટાફટ બની જતા માત્ર બે ચીજ થી છીણી અને હથોડો. છીણી અને હથોડા થી આટલી બધી કારીગરી કરી અને આ બધા બન્યા છે ત્યાં ઓછામાં ઓછા અલ્પ ખર્ચ થાય વધારે ખાણું ખોદવી ના પડે હિંસા ઓછી થાય આ બધા અહિંસાના દ્રષ્ટિકોણથી બનેલી છે. આ બધામાં ક્યારેય પણ કોઈ પણ વાવાઝોડું કે કોઈપણ કુદરતી આફતો હોય એની ઉપર અટેક કરી નથી શક્યા. આજે આપણે નવા મંદિરો બનાવીએ છીએ એ ભૂકંપ રજીસ્ટન્સ નથી. ગુજરાતમાં જ્યારે ભૂકંપ આવયુ ત્યારે કચ્છના કેટલા બધા મંદિરો ખંડિત થઈ ગયા એ પણ નવા બનેલા એટલે ત્યારની ટેકનોલોજી અને અને આજનું આજે ડેવલપમેન્ટ આપણે જોઈ રહ્યા છે ત્યારે આટલું ડેવલપમેન્ટ નહોતું. પણ ભાવ શુદ્ધિ એ લોકોએ બનાવ્યું હતું જેટલું પોતાની મહેનતથી જે ધન પણ આપતા હતા એ પણ શ્રેષ્ઠ કમાવેલું હતું એટલે આ બધાના ભાવો શુદ્ધતા એ બહુ મહત્વની વસ્તુ છે કોઈપણ તીર્થક્ષેત્ર બનાવવામાં. જે સ્ત્રીઓ હતી એ પણ પોતાનો સમય આપે ઘરના કામમાંથી થોડોક સમય આપીને આ બધી

ચીજો બનાવતા. ત્યારે બધા જ શ્રાવક અને શ્રાવીકાઓ જતા ત્યારે પોતાનો ફાળો આપતા એટલે શ્રમદાનની જે પરંપરા હતી એ આ હતી .જે લોકોનું એમાં યોગદાન છે એ અદભુત છે. એ આજના સમય જેવું નથી કે પૈસા આપી અને કામ કરાવી દેવું પણ કામમાં ઈન્વોલ્વ થવું એ મહત્વનું હતું ચીજો આપણે પોતે બનાવીએ અને એમાં ઘણા લોકો કેવી રીતે મદદ કરતા હતા કે  જાપ કરતાં કારીગરોની મદદ કરતા ક્ષેત્ર સાફ કરી આપતા પેન્ટિંગ કરવામાં મદદ કરતા જેને જેવી શ્રદ્ધા એવી યોગદાન આપતા હતા જ્યારે એ લોકો યાત્રા પર નીકળે ગુફાઓમાં રહે ચાતુર્માસ જ્યાં થાય ત્યાં એક ગુફામાં વ્યાખ્યાન થાય એવી રીતે બધી સગવડ હતી એટલે હોલ એકદમ મોટા મોટા હતા. એ હોલમાં હવે આપણે જે વ્યાખ્યાન કરીએ એવી રીતે લોકો સાંભળી શકે અને જ્યારે એ વેપારમાં કે જાય તો એક એક સમૂહ હોય જે વેપારીઓની શ્રેણી ત્યાં જાય રહે એ આ બધું જોઈએ આ બધા મંદિરમાં લોકોની મહેનતનો પૈસો હતો એનાથી આ બધા બન્યા છે અને રાજાએ પણ જોયું કે આખું અર્થતંત્ર એ જૈન અને બૌદ્ધ એ  ભારતને આપ્યો છે તો આટલી બધી જ સમૃદ્ધિ હતી એ બધી વેપારીઓથી આવી છે.

એટલે વેપારીઓ પોતાની માટે જેટલી પણ સુવિધાઓ કરતા એ એ  રસ્તાની હતી ભારતની અંદર લઈ જવું અને ભારતની બહાર લઈ જવું એ કેવી રીતે થાય એટલે જ્યારે પણ આપણે વિચાર કરીએ અને જ્યારે પણ અવસર મળે તો કોઈ પણ પ્રાચીન ચીજમાં જવું જોઈએ અને એટલી સંભાળ જેટલી પણ થાય આપણાથી એટલી કરવી જોઈએ. અત્યારે તો બહુ સારું છે કે ગવર્મેન્ટ આટલો રસ લે છે ટુરીઝમ વધારવા માટે એટલે જગ્યાઓ ઘણી સારી રીતે સચવાઈ રહી છે પણ અંદર ઘણા બધા તીર્થો છે ઘણી મૂર્તિ હજુ પણ રસ્તા પર છે ઊંચા અને જે હલી બેડ ના વિસ્તારોમાં જૈનોની ખૂબ જ વસ્તી હતી.  શ્રવણ બેલગોડા સુધી આ બધા જૈનો ના હતા. મુલવીદ્રીમાં  સો જેટલા મંદિરો હતા હવે બધાનું સ્થળાંતર થઈને મહારાષ્ટ્રમાં આવી ગયા. એ હવે દિગંબર જૈન વધારે બની ગયા ત્યાં શ્વેતાંબર જૈન નથી હોતા અને જે કન્નડ જૈન હતા એ બધા જ માઇગ્રેટ થઈને મહારાષ્ટ્રમાં આવી ગયા. આઠમી શતાબ્દી પછી શંકરાચાર્ય પછી શંકરાચાર્યનું પ્રભાવ એટલો બધો હતો કે જેનો અને એનાથી ખૂબ જ અસર થઈ અને ઘણા બધા લોકો ત્યારે કન્વર્ટ થયા ભક્તિ મોમેન્ટમાં પણ થયા અને બૌદ્ધ ધર્મને પણ બહુ જ

અસર થઈ. જૈનો એટલી અસર નથી થઈ જેટલી બૌદ્ધ અને અનુયાયીઓને થઈ આઠથી પછી તો બુદ્ધિઝમ દીક્લૈન પર હતું. 13મી શતાબ્દી પછી તો ભારતમાંથી એનું નામો નિશાન નીકળી ગયું 500 વર્ષની હિસ્ટ્રીમાં બૌદ્ધ ધર્મ ગાયબ થઈ ગયો અને પછી પાછો રિવાઇઝ થયો અને આવી ગયો હમણાં ના બાબાસાહેબ આંબેડકર ગોયંકા વગેરે ને લીધે પણ જૈન ધર્મ ટકી રહ્યો એ પણ જ્યારે બધા આચાર્ય હતા શ્રાવકો હતા એટલે જૈનો ટકી રહ્યા જૈન માર્ગ એ એટલો સહજ માર્ગ નથી શ્રમણ માર્ગ છે શ્રમ કરવાવાળા નું માર્ગ છે. આ ધર્મ કોઈ અંગીકાર કરે નહીં લોકો જૈન માંથી બીજા ધર્મમાં કન્વર્ટ થઈ જાય. જૈન બનવા વાળા લોકો બહુ ઓછા હોય છે. એમ જૈન ધર્મને ટકાવવું એ બહુ જ બહુ જ કઠિન પરિસ્થિતિ છે કારણ કે આપણે જોઈએ કે બૌદ્ધ માર્ગ અથવા તો ઘણા બધા સ્વામિનારાયણ માં કન્વર્ટ થઈ ગયા. લોકો ઘણું અન્ય ધર્મમાં પણ રૂચી રાખી રહ્યા છે પણ આ ધર્મ ટકાવવો અને આની સૂક્ષ્મતા સમજવી બધાની વાત નથી આ બહુ ડીફીકલ્ટ છે. તે સમયમાં વિચારો તો આખું સાઉથ ઇન્ડિયામાં અનેક અનેક મોટા મોટા આચાર્ય જે બધા થયા આચાર્ય સંમંતભદ્ર, કુંદકુંદ બધા સાઉથ ના હતા. સાઉથમાં એટલી બધી સમૃદ્ધિ હતી ત્યાંની લિપિમાં આપણા અનેક ગ્રંથો છે. તે હજી પણ ત્યાંની લાઇબ્રેરીમાં પડ્યા છે અને ઘણાનું હજી સંશોધન થયું પણ નથી.

મહારાષ્ટ્રમાં પણ આ બધું સચવાઈ રહ્યું કારણ કે બધા આચાર્યો જે હતા એમણે આ જૈન સંઘ ને પકડી રાખ્યો નહિતર આજે આપણે પણ હાલત બૌદ્ધ જેવી જ હોત. પછીથી બોમ્બેમાં જ્યારે જૈનો શિફ્ટ થયા. જૈનો શિફ્ટ થયા એની આખી અલગ સ્ટોરી છે બ્રિટિશ બોમ્બે એ ઇનવાઈટ કર્યું. બ્રિટિશ સરકારે એ તમે અહીં આવીને શિફ્ટ થઈ જાઓ અને સુરતથી તેઓ મુંબઈ તરફ આવ્યા અને મુંબઈમાં બધા દેરાસર ડેવલપ કર્યા. મુંબઈની હિસ્ટ્રી 200 વર્ષ જૂની છે ગોડીજી ફોરટ નું દેરાસર માહિમનું દેરાસર એ બધું એનાથી પહેલા આપણું જે વધારે ને વધારે કોન્સન્ટ્રેશન જેનું હતું એ મહારાષ્ટ્રના ઇન્ટિરિયર ગામડાઓ સુધીનું હતું અને વધારે આકોલા રત્નાગીરી સ્ટેટ અને નાગપુર એ બધી જગ્યાઓ અને જે સ્વતંત્ર શ્વેતાંબર ગહ્યા એ ગુજરાતમાં વધારે રહ્યા એટલે આ તીર્થ ક્ષેત્ર પર જવાવાળા લોકો બહુ ઓછા થઈ ગયા અને પછીથી એની અવસ્થા ખરાબ થતી ગઈ 12 મી શતાબ્દી સુધી છે જૈનો બહુ જ હતા. પછીથી

મહારાષ્ટ્રમાં એનું ડીક્લીન થઈ ગયું. આ બધા જ તીર્થ ક્ષેત્ર બહુ વાઇબ્રન્ટ થતા લોકો બહુ જતા હતા પછી એની હાલત ખરાબ થઈ ગઈ. ધારાસિવા અંજનેરી ત્યાં એક સમયમાં જવા વાળા લોકો બહુ હતા પણ માંગી તુંગી અંકાઈ ટંકાય સિધ્ધક્ષેત્ર છે એટલે હજી પણ લોકો ત્યાં જાય છે પણ બીજી બધી જગ્યાઓ પર નહી.પણ અહીં આપણને જોવા મળે છે કે વધારે દિગંબર ક્ષેત્ર આવે છે તો ત્યાં દિગંબર લોકો વધારે જાય છે અને શ્વેતાંબર ની માત્રા ઓછી મળે છે. તો એવું ન કરતા આપણે જે આપણે જૈનો બધા ક્ષેત્રોમાં જવું જોઈએ. એકમાત્ર એટલું લક્ષ્ય રાખો કે આપણા જેટલા જેટલા પ્રાચીન તીર્થક્ષેત્ર છે એ બધા આપણા જ છે એને આપણે સાંભળવાનું છે.

આજથી 2200- 2300 વર્ષ પહેલાં આચાર્ય ભદ્રબાહુ આખો સંગ મગધ થી જે લઈ ગયા. 12 હજાર સાધુ સાથે જે પ્રયાણ કર્યું. ચંદ્રગુપ્ત મૌર્ય અને ઘણા બધા રાજાઓ સાથે એ સાઉથ ઇન્ડિયા ગયા. ત્યાં આપણું એક ઇતિહાસ ત્યાં એક મોટો પુરાવો છે કે આપણા જૈન ધર્મનો બહુ પ્રચાર થયો પછી તે પાછા ઉત્તર ભારતમાં આવ્યો. આ રીતે જે માઇગ્રેશન પેટર્ન થઈ એમાં સમૃદ્ધિ પણ બહુ આવી સમૃદ્ધિ થઈ અને આખા ભારતમાં એક ફેલાઈ ગયો અને 12,000 સાધુઓ એટલે આપ કંઈ નાનો નંબર ના કહેવાય. એટલા સાધુઓ બધી ફેલાઈ ગયા એવી રીતે એનો પ્રચાર થયો. ત્યારથી મહારાષ્ટ્રની ભૂમિ જો આપણે કહીએ તો તીર્થ ક્ષેત્રની ભૂમિ છે એ છે શૃંગ સાર્થ વાહન રાજાથી. આ રાજા આવ્યા બીજી શતાબ્દીથી. અહીં ખારવેલ ના રાજાએ ઓરિસ્સા બેંગોલ માં જૈન ધર્મનો પ્રચાર કર્યો મૌર્ય પછી અશોક પછી અને મહારાષ્ટ્રમાં સુરસાર્થવાહન રાજાઓ એમણે બહુ પ્રચાર કર્યો. જોકે એ હિન્દુ હતા પણ એમણે હિન્દુ જૈન ધર્મનો અને જૈન ધર્મને બહુ મહત્વ આપ્યું. સહાયતા આપી એમની જિંગી ગુફામાં નંદનીકા/નયનિકા રાણી એનું ડિસ્ક્રિપ્શન મળે છે. એમને બહુ જ સહાયતા કરી સ્પેશિયલ બૌદ્ધ ગુફાઓ માટે. એ જે શ્રી સતખંડી રાજા હતા એ એમના કારણે થયું છે પછી રાષ્ટ્રકૂ.ટ ઇલોરામાં રાષ્ટ્રકૂટ રાજાએ બધું જ અનુદાન આપ્યું. અમોઘ વર્ષ જે બહુ મોટા રાજા થયા. એમણે ઘણી બધી કૃતિઓ પણ લખી છે આચાર્ય જીનસેન એ સમયે આદિપુરાણ લખી છે. એટલે મહારાષ્ટ્રમાં કુલ મળીને આપણે જોઈએ તો એની હિસ્ટ્રી જોઈએ બીજીતો શતાબ્દી થી

લઈને હમણાં સુધી બોમ્બે એ રીસેન્ટ ડેવલોપમેન્ટ છે જે મહારાષ્ટ્ર નું હવે ફાઇનાન્સ ઈન્ડિયાનું કેપિટલ છે. હમણાં જે આપણું કોન્સન્ટ્રેશન વધારે છે મુંબઈમાં એ તો બહુ રિસેન્ટ બ્રિટીશ ટાઈમ નું કહેવાય પણ જૈનો નું જે મહારાષ્ટ્રમાં યોગદાન છે એ એટલીસ્ટ 2000 વર્ષ ની હિસ્ટ્રી છે.

*******************************************************************